1. કયા વિદેશી પ્રવાસીઓના ગ્રંથોમાંથી ભારતની પરિસ્થિતિનું વર્ણન મળે છે ?

➢ નીચેના વિદેશી પ્રવાસીઓના ગ્રંથોમાંથી ભારતની રાજકીય, સામાજિક, ધાર્મિક અને માર્થિક પરિસ્થિતિનું ઊંડાણપૂર્વકનું વર્ણન મળે છે : (1) ફાહિયાન (ઈ. સ. 399થી 114) તે ચંદ્રગુપ્ત દ્વિતીયના સમયમાં ભારતમાં આવ્યો હતો. તેનો ગ્રંથ 'ફો કોક્યુ' (રેકૉર્ડ ઑફ ધ બુદ્ધિસ્ટ કિંગડમ) છે. (2) યુ અનેશ્વાંગ (ઈ. સ. 630થી 645) તે સમ્રાટ હર્ષવર્ધનના સમયમાં ભારતમાં આવ્યો હતો. તેનો ગ્રંથ 'સિ-યુકી' (બુદ્ધિસ્ટ રેકૉસ ઑફ ધ ઈસ્ટર્નવર્ડપૂર્વના દેશ ભારતની બૌદ્ધધર્મી નોંધ) (3) ઇસિંગ (ઈ. સ. 673થી 688) તેનો ગ્રંથ 'કાઉફાકાસાંગચુન' છે.

2. ગુપ્તકાલીન સમયમાં કયાં કયાં મંદિરોનું શિલ્પકામ થયું હતું?

➢ ગુપ્તકાલીન સમયમાં તિગવાનું મંદિર, ભીતરગામ (કાનપુર)નું ઇંટેરી મંદિર, બૂમરા(નાગોડ)નું શિવમંદિર, પોરબંદર પાસે ગોપનું સૂર્યમંદિર, કર્ણાટકના બિજાપુરમાં આવેલું કારખાનનું મંદિર, મધ્ય પ્રદેશના એરણનું નૃસિહનું મંદિર અને મમરાવતીનું શિલ્પકામ થયું હતું.

3. ગુપ્તકાલીન સમયની મુદ્રાઓની સમજૂતી આપો.

➢ ગુપ્તકાલીન સમયમાં રાજમુદ્રામો ચલણમાં હતી. આ 'મહોરો' (રાજમુદ્રાઓ) પકવેલી માટીમાંથી બનાવવામાં આવતી હતી. આ મહોરો સંસ્કૃત ભાષામાં લખવામાં આવતી હતી. આવી મહોરો પુરાતત્વીય ઉતખનન દરમિયાન નાલંદા અને વૈશાલીમાંથી મળી આવી હતી. કુમારગુપ્ત બીજાના સમયમાં રાજમહોરો ચાંદીમાંથી બનાવવામાં આવતી હતી. આ મહોરો પર ધાર્મિક ચિત્રો ઉપસાવવામાં આવતાં હતાં. સમુદ્રગુપ્તના સમયની મહોરો પર ગરુડનું ચિત્ર ઉપસાવવામાં આવતું હતું.

4. ગુપ્તકાલીન સમયના સિક્કાઓની સમજૂતી આપો.

➢ ગુપ્તકાલીન સમયના મોટા ભાગના સિક્કાઓ સોનાના અને ચાંદીના હતા. આ સિક્કાની બંને બાજુ ચિત્રો છે. બિહાર, રાજસ્થાન, ગુજરાત, બંગાળ, ઓડિશા વગેરે રાજયોમાંથી ખોદકામ દરમિયાન આવા સિક્કાઓ મળ્યા છે. સમુદ્રગુપ્તના સિક્કાઓમાં અશ્વમેધ યજ્ઞ કરતા રાજા, ઘોડાની આકૃતિ, વિણાવાદન કરતો રાજા, ધનુધરી , દંડધારી, કોટપાયજામો ધોરણ કરેલ રાજા વગેરે આકૃતિઓ છે. ચંદ્રગુપ્ત પ્રથમના સિક્કાઓમાં કુમારદેવી, સિંહાસન પર બેઠેલા લક્ષ્મીજીનાં ચિત્રો છે. સોનાના સિક્કાઓ તત્કાલીન ભારતની આર્થિક સ્થિતિનો ખ્યાલ આપે છે. સમ્રાટ હર્ષવર્ધનના કોઈ આધારભૂત સિક્કાઓ પ્રાપ્ત થયા નથી.

5. 'બોરોબુદુર સ્તુપ' વિશે માહિતી આપો.

➢ 'બોરોન્દ્ર સ્તુપ' જાવામાં આવેલો છે. આ વિશ્વવિખ્યાત બૌદ્ધ સૂપ પ્રાચીન જગતની અજાયબી છે. વિશ્વની આ મોટામાં મોટી બૌદ્ધ ઈમારત છે. આ સ્તુપ એક ગિરિશિખરને કોતરીને બનાવવામાં આવ્યો છે. આખા સ્તૂપમાં અદ્ભુત શિલ્પકામ છે, આ સ્તુપમાં આવેલી 'જળાશય' નામની શિલ્પકૃતિ વિશ્વવિખ્યાત છે. આ સ્તૂપની ચારે

દિશામાં બુદ્ધની મૈત્રીભાવથી ભરેલી સુંદર 432 પ્રતિમાઓ છે. બોરોબુદુર નો સૂપ એ શૈલેન્દ્ર સમ્રાટોએ જાવાને આપેલી અમુલ્ય ભેટ છે. આ સ્તૂપમાં બુદ્ધનાં 504 મંદિરો છે.